રસવંતા ને શુદ્ધ જીવનમાં, જ્ઞાનદીપ પ્રગટાવું, પ્રભુવર તારા પરની શ્રદ્ધા પ્રતિપળ ઉજ્જવળ રાખું

પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૫) અંક નં. ૧૭૪ | ૩ સપ્ટેમ્બર, ૨૦૨૦, ગુરૂવાર; ભાદરવા વદ - ૧ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

**નવા કેસ**

| | |
|---|---|
| રાજ્ય | ૧૩૦૫ |
| અમદાવાદ | ૧૬૯ |
| ગાંધીનગર | ૩૧ |

# ભારતની વધુ એક ડીજીટલ સ્ટ્રાઈક

## પબજી સહિત ૧૧૮ ચાઈનીસ એપ પર ભારતે પ્રતિબંધ

નવીદિલ્હી, તા. ૨ સરકારે ભારત અને ચીન વચ્ચે ચાલી રહેલા તણાવ વચ્ચે ત્રીજી વખત ૧૧૮ ચાઈનીઝ મોબાઈલ એપ્સ પ્રતિબંધ મૂક્યો છે. આ વખતે ભારતમાં પ્રતિબંધિત લોકપ્રિય ગેમિંગ એપ્લિકેશન પબજી સહિત ૧૧૮ મોબાઈલ એપ્સ પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. રાષ્ટ્રીય સુરક્ષાને ટાંકીને સરકારે તેમના પર પ્રતિબંધ મૂક્યો છે. ચાઈનીઝ એપ્સ પર આ વખતે પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે તેમાં પબજી ઉપરાંત લિવિક, વીચેટ વર્ક અને વીચેટ રીડિંગ, એપલોક, કેરમ ફ્રેન્ડ્સ જેવી મોબાઈલ એપ્લિકેશનો શામેલ છે.

ઈલેક્ટ્રોનિક્સ અને માહિતી ટેકનોલોજી મંત્રાલયે આઈટી એક્ટની કલમ ૬૯એ હેઠળ તેની સત્તાનો ઉપયોગ કરીને આ મોબાઈલ એપ્લિકેશનો પર પ્રતિબંધ મૂક્યો છે. સરકારના જણાવ્યા મુજબ, આ એપ્સ ભારતની સાર્વભૌમત્વ, સંરક્ષણ અને રાજ્યોની



સુરક્ષા અને જાહેર વ્યવસ્થા સામેની જોખમી પ્રવૃત્તિઓમાં સામેલ હતી. મંત્રાલયે પોતાના નિવેદનમાં કહ્યું છે કે તેને આ એપ્સ વિશે અનેક ફરિયાદો મળી હતી. અમને ઘણા અહેવાલો પ્રાપ્ત થયા હતા કે એન્ડ્રોઈડ અને આઈઓએસ પ્લેટફોર્મ પરની કેટલીક મોબાઈલ એપ્લિકેશનો વપરાશકર્તાઓનો ડેટા ચોરી કરે છે અને તેમને દેશની બહાર સ્થિત તેમના સર્વર્સ પર ગેરકાયદેસર રીતે પુરી પાડી રહી છે.

લોકપ્રિય ટિકટોક સહિત અનેક ચાઈનીઝ એપ્લિકેશનો પર અગાઉ પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. જૂનના અંતમાં, ભારતે ચાઈનાથી ટિકટોક, હેલો સહિતની ૫૯ મોબાઈલ એપ્લિકેશનો પર પ્રતિબંધ મૂક્યો હતો. જુલાઈના અંતમાં વધુ ૪૭ ચાઈનીઝ એપ્લિકેશનો પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો હતો. આમ ચીનની ૨૨૪ એપ્સ પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે.

## ભારતીય જવાનો સરહદે હાઈ એલર્ટ પર

**ભારતીય સેનાના સૂત્રોના કહેવા પ્રમાણે ઘૂસણખોરીના પ્રયાસ એ વિસ્તારોમાં કરવામાં આવ્યા છે જેને ચીન દ્વારા મોટાપાયે તેના નક્શામાં દર્શાવામાં આવ્યો**

નવી દિલ્હી, તા.૨ ભારત અને ચીનની વચ્ચે પૂર્વ લદાખમાં વાસ્તવિક નિયંત્રણ રેખા પર ફરી એકવાર તણાવ વધી ગયો છે. અત્યાર સુધી ચીને બે દિવસમાં બે વાર ઘૂસણખોરીનો નિષ્ફળ પ્રયાસ કર્યો છે, ત્યારબાદ ભારતીય સેનાને એલએસીના લોકેશનથી આગળ વધવું પડ્યું છે. ભારતીય સુરક્ષાદળોએ વધુ ઘૂસણખોરીને રોકવા માટે વાહનોને તૈનાત કરી દીધા છે. ભારતીય જવાન ચીની સૈનિકોની કોઈ પણ પ્રકારની ઘૂસણખોરીને રોકવા માટે હાઈ એલર્ટ પર છે.



પેન્ગોગ લેકના દક્ષિણ કિનારા પર બંને પક્ષોની વચ્ચે થયેલા ઘર્ષણથી ઉત્પન્ન થયેલા તણાવને ઓછો કરવા માટે એક તરફ સૈન્ય સ્તરની વાતચીત ચાલી રહી છે. બીજી તરફ, રક્ષા મંત્રી રાજનાથ સિંહએ હાલની સ્થિતિને લઈ હાઈ-લેવન મીટિંગ કરી. આ બેઠકમાં વિદેશ મંત્રી એસ. જયશંકર, એનએસએ અજીત ડોભાલ, સીડીએસ બિપીન રાવત અને સેના પ્રમુખ નરવને સહિત અનેક વરિષ્ઠ અધિકારી ઉપસ્થિત રહ્યા. ભારતીય સેનાના સૂત્રો મુજબ, ઘૂસણખોરીના આ પ્રયાસ એ વિસ્તારોમાં કરવામાં આવ્યા છે જેને ચીન મોટાપાયે પોતાના નક્શામાં દર્શાવે છે. ચીને ૨૯-૩૦ ઓગસ્ટની રાત્રે પેન્ગોગ ત્સોના દક્ષિણ તટે ઘૂસણખોરીનો પ્રયાસ કર્યો હતો. ભારતીય જવાનોએ તેને નિષ્ફળ કરતાં આ સમગ્ર વિસ્તાર પર કબજો કરી લીધો. ત્યારબાદ મંગળવારે રેકિન લાની પાસે ઘૂસણખોરીનો પ્રયાસ થયો, જે રેજાંગ લાથી ખાસ દૂર નથી. સોમવારે ભારતીય સેના તરફથી નિવેદનમાં કહેવામાં આવ્યું હતું કે ૨૯-૩૦ ઓગસ્ટની રાત્રે શું થયું હતું. ભારતીય સેના મુજબ શનિવારની રાત્રે પીપલ્સ

● અનુસંધાન પાના - ૭ પર

## ભારત પર નજર રાખવા નેપાળે લિપુલેખ ખાતે બટાલિયન મૂકી

નવી દિલ્હી, તા. ૨ ભારત અને ચીન વચ્ચે ચાલી રહેલ તણાવ વચ્ચે નેપાળે બળતામાં ઘી હોમવા માંડ્યું છે.ભારત અને નેપાળ વચ્ચે છેલ્લા કેટલાક મહિનાઓથી લિપુલેખ, કાલાપાની અને લિમ્પિયાધુરાને લઈને વિવાદ ચાલી રહ્યો છે ત્યારે નેપાળે હવે આ સરહદે પોતાની સેના તૈનાત કરી છે. લિપુલેખ એવું ક્ષેત્ર છે, જ્યાં ભારત, નેપાળ અને ચીનની સરહદ મળે છે. હવે નેપાળે આ વિસ્તારમાં સેનાની પુરી બટાલિયન તૈનાત કરી દીધી છે. આ બટાલિયનને કહેવામાં આવ્યું છે કે તેઓ ભારતીય સૈન્યની પ્રવૃત્તિઓ પર નજર રાખે.

ગત સપ્તાહે કેપી શર્મા ઓલી સરકારના ગૃહ મંત્રાલયે સેનાને આદેશ આપ્યો હતો. જેમાં કહેવામાં આવ્યું હતું કે ભારત અને ચીન વચ્ચે ચાલી રહેલા તણાવને જોતાં લિપુલેખ સરહદ પર નજર રાખવી ખુબ જ જરૂરી છે. આ બાબતને જોતા નેપાળ આર્મ્ડ પોલીસ ફોર્સની ૪૪મી બટાલિયનને તૈનાત કરવામાં આવી છે.

ફકત નેપાળ જ કેમ, અહીંયા ચીનની ૧૫૦ લાઈટ કમ્બાઈન્ડ આર્મસ બ્રિગેડ પણ તૈનાત છે. ગત મહિને અહીંયા તેને તૈનાત કરાઈ છે. અહિયાથી લગભગ ૧૦ કિલોમીટર દૂર પાલા ક્ષેત્ર છે. અહીંયા પણ ચીનની

● અનુસંધાન પાના - ૭ પર

## કોરોના અપડેટ્સ

| ક્યાં | કેસ | મૃત્યુ | રિકવર |
|---|---|---|---|
| વિશ્વ | ૨૫૯૮૩૯૯૩ | ૮૬૨૫૬૯ | ૧૮૨૬૦૦૩૨ |
| ભારત | ૩૮૧૯૬૦૩ | ૬૭૦૮૮ | ૨૯૪૩૧૭૫ |
| ગુજરાત | ૯૯૦૫૦ | ૩૦૪૮ | ૮૦૧૫૪ |
| ગાંધીનગર | ૨૫૩૬ | ૧૪૧ | ૨૦૭૫ |

## બ્રાઝિલ, અમેરિકા કરતાં દેશમાં દૈનિક વધુ કેસ

**૭૮૩૫૭ કેસ, ૧૦૪૫ મોત સાથે કોરોના કહેર જારી : ૨૪ કલાકમાં ૬૨૦૨૬ દર્દીઓ કોરોનાથી સ્વસ્થ્ય થયા, આ સાથે આંકડો વધીને ૨૯૦૧૯૦૮ સુધી પહોંચી ગયો**

નવી દિલ્હી, તા. ૨ ભારતમાં કોરોના વાયરસના દર્દીઓની સંખ્યા જે રીતે વધી રહી છે તે જોતાં લાગી રહ્યું છે કે સૌથી વધારે કેસોના મામલામાં આગામી થોડા દિવસોમાં બ્રાઝીલને પાછળ છોડીને ભારત વિશ્વનો બીજા નંબરનો સૌથી વધુ કોરોનાગ્રસ્તો ધરાવતો દેશ બની જશે. છેલ્લા ૨૪ કલાક દરમિયાન નોંધાતા કોરોનાના કેસના મામલે ભારતે બ્રાઝીલ અને અમેરિકાને પાછળ છોડી દીધું છે.

સ્વાસ્થ્ય મંત્રાલયના આંકડા પ્રમાણે મંગળવારના રોજ દેશમાં કોરોના વાયરસના કુલ કેસ વધીને સંક્રમણનો કુલ આંકડો ૩૭ લાખને ઓળંગી ગયો છે. છેલ્લા ૨૪ કલાક દરમિયાન કોરોનાના અત્યાર સુધીના સૌથી વધુ ૭૮૩૫૭ કેસ નોંધાતા કુલ આંકડો ૩૭,૬૯,૫૨૩ સુધી પહોંચી ગયો છે. ૨૪ કલાકમાં ૧૦૪૫ લોકોએ કોરોનાના કારણે પોતાનો જીવ ગુમાવ્યો છે.

જોકે, એક સારી બાબત એ પણ છે કે ભારતમાં ધીમે ધીમે કોરોનાની બિમારીમાંથી સ્વસ્થ્ય થનારા લોકોની સંખ્યા પણ વધી રહી છે. ભારતમાં હવે કોરોના વાયરસનો રિકવરી રેટ સુધરી રહ્યો છે. દેશમાં છેલ્લા ૨૪ કલાકમાં ૬૨૦૨૬ દર્દીઓ કોરોનાની બિમારીમાંથી સ્વસ્થ્ય થઈ ગયા છે. આ સાથે જ આ આંકડો વધીને ૨૯૦૧૯૦૮ સુધી પહોંચી ગયો છે જે કોરોનાના એક્ટીવ કેસ કરતા ત્રણ ગણા કરતા પણ વધારે છે.

## છેલ્લે... છેલ્લે...

- રક્ષામંત્રી રાજનાથસિંહના પુત્ર પંકજસિંહ કોરોનાથી સંક્રમિત
- વડોદરાના ધારાસભ્ય મધુ શ્રીવાસ્તવને કોરોના પોઝીટીવ
- ગોવાના મુખ્યમંત્રી પ્રમોદ સાવંત કોરોનાથી સંક્રમિત
- તામિલનાડુમાં ૭મીથી પેસેન્જર ટ્રેન શરૂ કરાશે
- બિહારના પૂર્વ મુખ્યમંત્રી જીતનરામ માંઝી એન.ડી.એ.માં જોડાશે.
- રાજકોટના મેયર મીનાબેન આચાર્ય પણ કોરોનાથી સંક્રમિત

## ભારત-ચીન વિવાદ વચ્ચે રક્ષામંત્રી રાજનાથસિંહ રશિયા જવા રવાના

ન્યુ દિલ્હી,તા.૦૨

ભારત-ચીન તણાવ વચ્ચે રક્ષામંત્રી રાજનાથ સિંહ આજે રશિયાના પ્રવાસ માટે રવાના થયા છે. રક્ષા મંત્રી રશિયાના ૩ દિવસના પ્રવાસ માટે રવાના થયા છે. આ ૩ દિવસોમાં તે શાંઘાઈ સહયોગ સંગઠનની બેઠકમાં ભાગ લેશે. આ વચ્ચે સુત્રોએ જાણકારી આપી છે કે એસસીઓની બેઠકમાં રક્ષામંત્રી રાજનાથ સિંહ ચીનના રક્ષામંત્રી સાથે મુલાકાત નહીં કરે.

૪ સપ્ટેમ્બરના રોજ રાજનાથ સિંહ એસસીઓની બેઠકમાં સામેલ થવાના છે. જાણકારી પ્રમાણે શાંઘાઈ સહયોગ સંગઠનની આ બેઠકમાં ચીનના રક્ષા મંત્રી વેન ફેંગ પણ સામેલ થઈ શકે છે. ભારત અને ચીનની વચ્ચે હાલના તણાવ વચ્ચે આ મહત્વપુર્ણ બેઠકમાં પહેલીવાર બંને દેશ આમને-સામને હશે. આ સંગઠનમાં ભારત અને રશિયાની સાછે ચીન પણ સભ્ય છે. રાજનાથ સિંહ આ બેઠકમાં ભાગ લીધા બાદ પાંચ સપ્ટેમ્બરે ભારત પરત ફરશે. પાંચ સપ્ટેમ્બરની સાંજે રાજનાથ સિંહ મોસ્કોથી દિલ્હી પરત ફરશે. ભારત અને ચીન વચ્ચે લદાખમાં હાલમાં થયેલી અથડામણ વચ્ચે રાજનાથ સિંહની મોસ્કો યાત્રા અને એસસીઓની બેઠક ખુબ જ મહત્વપુર્ણ છે. આ બેઠકમાં રાજનાથ સિંહ ચીન સામે કડક આપત્તિ દર્શાવે તેવું પણ માનવામાં આવી રહ્યું છે.

## સંસદના ચોમાસુ સત્રમાં 'પ્રશ્નકાળ' નહીં હોય

ન્યુ દિલ્હી,તા.૦૨ કોરોનાના સંકટને પગલે સંસદીય કાર્યવાહીમાં મોટા ફેરફાર થઈ રહ્યા હતા. ૧૪ સપ્ટેંબરથી શરૂ થઈ રહેલા સંસદના ચોમાસું સત્રમાં પ્રશ્ન કાળ નહીં હોય એવી સત્તાવાર જાહેરાત કરાઈ હતી. આ ચોમાસું સત્ર પહેલી ઑક્ટોબર સુધી ચાલશે. આઝાદી પછી સંસદના ઈતિહાસમાં પહેલીવાર પ્રશ્ન કાળ નહીં હોય. પહેલે દિવસે સવારે નવ વાગ્યે લોકસભા કાર્યવાહી શરૂ કરશે અને એક વાગ્યે બેઠક પૂરી થશે. ત્યારબાદના દિવસોએ લોકસભાની બેઠક બપોરે ત્રણથી સાંજે સાત વાગ્યા સુધી ચાલશે. લોકસભા સચિવાલયે આ પ્રકારના સમયપત્રકની જાહેરાત કરી હતી. આ ચોમાસું સત્રમાં પ્રાઈવેટ મેમ્બર બિઝનેસ નહીં હોય. એજ રીતે રાજ્યસભા પણ પહેલે દિવસે એટલે કે ૧૪મી સપ્ટેંબરે બપોરે ત્રણથી સાંજે સાત વાગ્યા સુધી ચાલશે.

શનિવાર રવિવારની રજા નહીં રહે. આ બંને દિવસોએ પણ સંસદની બેઠક રાબેતા મુજબ ચાલુ રહેશે. ૧૪ સપ્ટેંબરથી પહેલી ઑક્ટોબર સુધીમાં કુલ ૧૮ બેઠકો યોજાશે. સંસદમાં પ્રશ્ન સમય નહીં હોય પરંતુ શૂન્ય કાળ હશે. લોકસભા સચિવાલયે વધુમાં જણાવ્યા મુજબ જે સાંસદોને બેઠકમાં સામેલ થવાની પરવાનગી હશે તેમનેજ બોલાવવામાં આવશે. કયા દિવસે કોણે હાજરી આપવાની છે એની જાણ મેમ્બર પોર્ટલ પર આપવામાં આવશે.

એ સિવાય કોઈ સાંસદ ગૃહને નોટિસ આપવા માગતા હોય તો તેમણે ૯મી સપ્ટેંબર પહેલાં સચિવાલયને જાણ કરવાની રહેશે એમ આ જાહેરાતમાં જણાવાયું હતું. લોકસભા સચિવાલયની આ જાહેરાતનો તૃણમૂલ કોંગ્રેસના સાંસદ ડેરેક ઓ બ્રાયને વિરોધ કર્યો હતો. તેમણે કહ્યું કે સામાન્ય રીતે સાંસદોએ

● અનુસંધાન પાના - ૭ પર



## ભાવભરી અંજલિ

સ્વામી વિવેકાનંદજીને પોતાના આદર્શ માનનાર સાલસ, સરળ અને પરગજુ એવા **રાજુભાઈ પટેલ** હવે આપણી વચ્ચે રહ્યા નથી એ વાત જ માન્યામાં આવે એમ નથી. **રાજુભાઈ** સાથેના અનેક પ્રસંગો આંખ આગળ આવે છે. સ્વામીજીની જેમ જ ઓછું જીવીને પણ હજારો વિદ્યાર્થીઓના જીવનમાં પ્રકાશ પાથરનાર **રાજુભાઈ**ને અમે ભાવસભર શ્રદ્ધાંજલિ આપીએ છીએ.

**સ્મિત તમારું નહિ ભુલાય, સ્નેહ તમારો નહિ ભુલાય**
**એમ તો ઘણાય આપે છે - સાથ તમારો નહિ ભુલાય !**

| | |
|---|---|
| પરેશભાઈ એમ. ધાંધલ્યા | મનીષભાઈ ડી. ભીમાણી |
| રાહુલભાઈ એચ. ધાંધલ્યા | નીરવકુમાર એમ. રાવલ |
| સંતોષ જે. બારોટ | કેયુર. એસ. બારોટ |


## નાસથી નાશે વાયરસ

**કોઈપણ વાયરસ નાક અને ગળા દ્વારા જ શરીરમાં પ્રવેશે છે, સંરક્ષણ માટે નાસ ઉત્તમ ઉપાય છે...**



## શ્રદ્ધા આયુર્વેદિક નાસ

૨૧ પ્રાકૃતિક પદાર્થોનું પાવરફુલ મિશ્રણ

**નાકના નેસોફેરિન્ક્સ; જ્યાં વાયરસ રહે છે.**
**નાસમાં રહેલા દ્રવ્યોને ઊંડા શ્વાસ દ્વારા**
**નેસોફેરિન્ક્સમાં લઈ જાઓ અને સુરક્ષા મેળવો...**

માત્રા : ૧૦૦ ગ્રામ ઉકળતા પાણીમાં ૪ ગ્રામ મિશ્રણ

પ્રાપ્તિસ્થાન :
૩૨૮/૩૨૯, C/o શ્રધ્ધાદીપ બ્લડબેન્ક,
આઈસીઆઈસીઆઈ બેન્કની પાછળ, ઘ-૪ સર્કલ નજીક,
સેક્ટર-૧૬, ગાંધીનગર.

Shraddha Ayurvedic NASS

PARAM